# પટ્ટ શિષ્ય સિમોન પીતર
## ફાધર વર્ગીસ પૉલ

પ્રેષિત સિમોન પીતર કેવળ બાર પ્રેષિતોમાં જ નહિ પણ ઈસુના સંબંધમાં આવેલા બધા શિષ્યોમાં એક અનન્ય સ્થાન ધરાવે છે. ફક્ત ચાર શુભસંદેશ જ નહિ "પ્રેષિતોનાં ચરિતો" તેમ જ નવા કરારના કેટલાંક અન્ય પુસ્તકો પણ સિમોન પીતરની વાત કરે છે કે એમનો ઉલ્લેખ કરે છે.

બાર પ્રેષિતો વચ્ચેના પીતરના અજોડ સ્થાનનું કારણ ઈસુએ પોતે એમને પીતર એટલે 'ખડક' તરીકે ઉલ્લેખ કરીને કહ્યું છે કે,"એ ખડક ઉપર હું મારા ધર્મસંઘની ઈમારત ચણનાર છું; અને એની આગળ મૃત્યુનું પણ કંઇ ચાલશે નહિ" (માથ્થી ૧૬, ૧૮).

ઈસુએ વધુમાં પતીરને કહ્યું, "હું તને ઈશ્વરના રાજયની ચાવીઓ સોંપીશ, અને તું જેની જેની પૃથ્વી ઉપર બંધી કરીશ તેની ઈશ્વર તરફથી પણ બંધી કરવામાં આવશે, અને તું જેની જેની પૃથ્વી ઉપર છૂટ આપીશ તેની ઈશ્વર તરફથી પણ છૂટ આપવામાં આવશે" (માથ્થી ૧૬, ૧૯).

પીતરને ઈસુએ આપેલા અનુપમ સ્થાનને ઈસુના પુનરુત્થાન પછી વધારે મજબૂત કરવામાં આવ્યું છે. ઈસુને કેદ પકડવામાં આવ્યા હતા ત્યારે પીતરે એમને ઓળખવાની ત્રણ ત્રણ વાર ના પાડી હતી. છતાં ઈસુના પુનરુત્થાન પછી શિષ્યોને દર્શન દઇને પીતરને ઈસુ કહે છે, "મારાં ઘેટાની સંભાળ રાખ" (જુઓ યોહાન ૨૧, ૧૫-૧૮).

ઈસુ પીતરને પોતાના એક શિષ્ય તરીકે અનુસરવા બોલાવ્યા ત્યારે પીતર એક માછીમાર હતા. તેઓ ગાલીલ સરોવરની પાસે આવેલા બેથસૈદાના વતની હતા. પણ તેઓ લગ્ન કરીને કફરનહૂમમાં રહેતા હતા. સિમોન પીતર તથા તેમના ભાઇ આંદ્રિયા માછલી પકડીને જીવન ગુજારતા હતા. પરંતુ ઈસુએ બંને ભાઇઓને માછલીને બદલે "માણસોને પકડનાર" બનાવી દીધા (લૂક ૫, ૧૦).

પ્રથમ ત્રણ શુભસંદેશકારો - માથ્થી, માર્ક અને લૂક - જણાવે છે તેમ ઈસુએ સિમોન અને આંદ્રિયાને બોલાવ્યા ત્યારે બંને ભાઇઓ માછીમારો હતા અને તેઓ ગાલીલ સરોવરમાં માછલી પકડતા હતા. (જુઓ માથ્થી ૪, ૧૮-૨૨; માર્ક ૧, ૧૬-૨૦ અને લૂક ૫, ૨-૧૧).

પરંતુ યોહાનના શુભસંદેશ મુજબ આંદ્રિયા સ્નાનસંસ્કારક યોહનના શિષ્ય હતા. આંદ્રિયા સૌ પ્રથમ ઈસુને મળ્યા અને પોતાના ભાઇ સિમોનને ઈસુ પાસે લઇ આવ્યા હતા.

જયારે બંને ભાઇઓને પોતાની પાસે આવતા જોઇને ઈસુએ સિમોન પર નજર ઠેરવીને કહ્યું, "તું યોહાનનો દીકરો સિમોન ને? તુ કેફા (એટલે કે પીતર અર્થાત્ ખડક) નામે ઓળખાશે" (યોહાન ૧, ૪૨).

'હૂસ હુ ધ ન્યૂ ટેસ્ટામેન્ટ' નામના પુસ્તકમાં લેખક રોનાલ્ડ બ્રાઉનરિંગ કહે છે, "નવા કરારનાં બધાં પાત્રોમાં કદાચ આપણે પીતરના પાત્ર વિશે સૌથી વધારે જાણીએ છીએ. તેમના સ્વભાવગત અને ઉતાવળ્યા ઉત્સાહ માટે તેમ જ તેમની અવિવેકી ભૂલો અને પસ્તાવા માટે તેમનું પાત્ર વધુ આકર્ષક લાગે છે. તેમનાં આત્મવિશ્વાસ અને સદ્ભાવનાઓ ઝડપથી ગાયબ થાય છે. પોતાના ધર્મસંઘની સ્થાપના માટે 'ખડક' તરીકે ઈસુએ કરેલી પીતરની પસંદગી આપણને નવાઇ પમાડે છે. પરંતુ પીતરનો પસ્તાવો અને માફીનો દાખલો બધા જ જમાનાના ખ્રિસ્તીઓ માટે પ્રેરણારૂપ હોઇ ઈસુએ કરેલી પીતરની પસંદગી યોગ્ય જ ઠરે છે."

સ્વભાવગત ઘણા વિશિષ્ટ ગુણો પીતર પાસે છે. એટલે એમના જીવનને ઘણી દૃષ્ટિથી મૂલવી શકાય. સ્વભાવે પીતર ઉતાવળિયો છે. ઈસુને સરોવર ઉપર ચાલતા જોઇને તરત જ પીતરે કહ્યું, "પ્રભુ! આપ હો તો મને પાણી ઉપર આપની પાસે આવવાની આજ્ઞા કરો" (માથ્થી ૧૪, ૨૮).

વળી, ઈસુના દિવ્યરૂપ દર્શન વખતે પીતરનો ઉતાવળિયો સ્વભાવ પ્રગટ થાય છે. એક ઊંચા પર્વત ઉપર ઈસુનો ચહેરો સૂર્યની જેમ ઝળહળવા લાગ્યો તેમની સાથે એકાએક મોશે અને એલિયાને વાત કરતા જોયા "ત્યારે પીતરે ઈસુને કહ્યું, 'પ્રભુ, અહીં રહીએ તો કેવું સારું! જો આપની ઇચ્છા હોય તો હું અહીં ત્રણ મઢૂલી ઊભી કરું : એક આપને માટે, એક મોશેને માટે ને એક એલિયાને માટે' " (માથ્થી ૧૭, ૪). આ પ્રસંગનું વર્ણન કરતા લૂકે ઉમેર્યું છે કે, "પણ પોતે શું બોલે છે એનું એને ભાન નહોતું" (લૂક ૯,૩૪).

પોતાના પુનરુત્થાન પછી ઈસુએ તિબેરિયાસ સરોવર કિનારે પોતાના શિષ્યોને દર્શન દીધાં ત્યારે ફરી એક વાર આપણને પીતરના પ્રતિભાવમાં એમના ઉતાવળિયા સ્વભાવનો સ્પષ્ટ ખ્યાલ આવે છે. ફકત યોહાનના શુભસંદેશમાં આપણને એ પ્રસંગનું વર્ણન મળે છે.

ઈસુને સરોવર કિનારે ઊભેલા જોઇને "ઈસુના વહાલા શિષ્ય પીતરે કહ્યું, 'એ તો પ્રભુ છે!' " 'એ પ્રભુ છે', એમ સાંભળીને સિમોન પીતરે ઝભ્ભો ચડાવી દીધો - કારણ, તેણે કપડાં કાઢી નાખ્યાં હતાં - અને સરોવરમાં ઝંપલાવ્યું" (યોહાન ૨૧, ૭).

પીતર કોમળ હૃદયના અને પ્રેમાળ વ્યકિત હતા. એમના હૃદયની કોમળતા તથા તેમનો ઉતાવળિયો સ્વભાવ ઈસુના શિષ્યોના પગ ધોવાના પ્રસંગમાં ખૂબ સુન્દર રીતે પ્રગટ થાય છે. પીતર તો ઈસુને પોતાના પગ ધોવા દેતા નહોતા. પણ ઈસુનો પ્રતિભાવ જોઇને પીતર અધિરાઇથી કહે છે, "તો પ્રભુ, એકલા પગ નહિ, પણ હાથ અને માથું પણ ધોજો!" (યોહાન ૧૩, ૯).

પીતરની પ્રેમાળ અને હેતાળ પ્રકૃતિ ઈસુને ઓળખવાની ના પાડયા પછી એમને મદદરૂપ નીવડે છે.

"દરમિયાન પીતર બહાર ચોકમાં બેઠો હતો, ત્યાં એક નોકરડીએ આવીને તેને કહ્યું, 'તું પણ ગાલીલના ઈસુની સાથે હતો.'

"પણ તેણે સૌના દેખતાં ઇન્કાર કયોર્, 'તું શું કહે છે? મને કંઇ સમજાતું નથી.' પછી તે દરવાજા આગળ ગયો, તો ત્યાં એક બીજી નોકરડીએ તેને જોયો અને ત્યાં ઊભેલા લોકોને તેણે કહ્યું, 'આ માણસ નાસરેથના ઈસુની સાથે હતો. '

"અને ફરી તેણે સોગંદ ખાઇને ઇન્કાર કયોર્, 'હું એ માણસને ઓળખતો નથી.'

"થોડી વાર પછી પાસે ઊભેલા લોકોએ આવીને પીતરને કહ્યું, 'જરૂર, તું પણ એ લોકોમાંનો જ છે, તારી બોલી બતાવી આપે છે.'

"એટલે તેણે શપથપૂર્વક અને સોગંદ ખાઇ કહ્યું, 'હું એ માણસને ઓળખતો નથી.'

"અને તે જ ક્ષણે કૂકડો બોલ્યો, અને પીતરને ઈસુના શબ્દો યાદ આવ્યા કે, 'કૂકડો બોલે તે પહેલાં તું મારો ત્રણ વખત ઇન્કાર કરશે.' પછી તે બહાર જઇને છાતીફાટ રોવા લાગ્યો"(માથ્થી ૨૬, ૬૯-૭૫).

એક બાજુ બીકણ થઇને પીતરે ઈસુને ઓળખવાની ના પાડી હતી. તો બીજી બાજુ પીતરે ઈસુનો ઈશ્વરપુત્ર તરીકે જાહેરમાં એકરાર કયોર્ હતો. એક વાર ઈસુએ પોતાની ઓળખાણ વિશે લોકોની માન્યતા અંગે પોતાના શિષ્યોને પૂછયું હતું. પછી ઈસુએ સીધા પોતાના શિષ્યોને જ પૂછયું.

"પણ તમે? તમે શું કહો છો? હું કોણ છું? તે વખતે બધા શિષ્યો વતી પીતરે કહ્યું હતું.

"આપ તો ખ્રિસ્ત છો, ચેતનસ્વરૂપ ઈશ્વરના પુત્ર" (માથ્થી ૧૬, ૧૫-૧૬).

આપણે ઈસુના પુનરુત્થાન પછીના લાગતાવળગતા પ્રસંગોમાં પીતરની નિડરતા, હિંમત તથા આગેવાની જોઇ શકીએ છીએ.

બંને લૂક અને પૉલે નોંધ્યું છે કે, ઈસુએ પોતાના પુનરુત્થાનના દિવસે પીતરને એકલા ખાસ દર્શન દીધાં હતાં. ઈસુને ઓળખવાની ના પાડયા પછી પુનરુત્થાનના દિવસ સુધી પીતર કયાંય દેખાતા નથી! પરંતુ પુનરુત્થાન પામેલા ઈસુને મળ્યા પછી પીતર પૂરેપુરા બદલાયેલા માણસ બન્યા.

અહીં મને પવિત્ર ભૂમિ ઇસાયેલની મારી ૧૯૭૭ અને૧૯૯૮ની બે મુલાકાત વખતે જોયેલા બે દેવળોની ખાસ યાદ આવે છે. એમાં પ્રથમ દેવળ પીતરે જયાં ઈસુને ઓળખવાના સોગંદ ખાઇને ના પાડી હતી તે જગ્યા પર બાંધેલું છે અને એનું નામ પણ "પીતરનું કૂકડો બોલ્યો દેવળ" છે. બીજું દેવળ જયાં ઈસુ પુનરુત્થાન પછી ગાલીલ સરોવરના કિનારે શિષ્યો માટે નાસ્તો તૈયાર કર્યો હતો તે જગ્યા પર એક મોટો પથ્થર છે તેની ફરતે બાંધેલું દેવળ છે. તે જગ્યા પર જ પીતરે ઈસુને બધા શિષ્યો આગળ ઈશ્વરપુત્ર ખ્રિસ્ત તરીકે એકરાર કર્યો હતો અને ઈસુએ પીતરને પોતાના ધર્મસંઘના વડા તરીકે સ્થાપ્યા હતા.

ઈસુના સ્વર્ગારોહણ પછી પીતરની પ્રથમ જવાબદારી ઈસુને દગો દઇને ફાંસો ખાનાર યહૂદાની જગ્યાએ એક નવા પ્રેષિતની ચૂંટણી કરવાની હતી. આ પ્રસંગે પીતરે લોકોને આપેલું પ્રવચન ખૂબ પ્રેરણાદાયી અને અસર કરનાર હતું. એ જ રીતે યહૂદી પુરોહિતો અને સત્તાધારીઓ આગળ પીતર પોતાનો અને યોહાનનો નિડરતાથી બચાવ કરે છે. પીતર હિંમતથી યહૂદી આગોવાનો આગળ ઘોષણા કરે છે કે ઈસુ જ પુનરુત્થાન પામેલા પ્રભુ જ છે!

કોઇક વાર પીતરના અસરકારક બોધ અને હૃદયપલટો કરવાની હાકલ સાથે એમણે કરેલા ચમત્કારો પણ આપણે જોઇ શકીએ છીએ. લુદામાં લકવાને કરાણે આઠ વર્ષથી પથારીમાં પડેલા એનિયાસને ચમત્કારિક રીતે પીતરે સાજો કર્યો. (પ્રે.ચ. ૯, ૩૨-૩૫). યાફામાં મરી ગયેલી સદ્‌ગુણી 'ટબીથા' નામની શિષ્યાને પીતરે ફરી જીવન આપવાનો ચમત્કાર પણ કર્યો. (પ્રે. ચ. ૯, ૩૬-૪૨).

એ જ યાફામાં જ પીતરને એક દિવ્ય દર્શન થયું હતું. "બીજે દિવસે, તેઓ પ્રવાસ કરતા કરતા શહેર નજીક પહોંચ્યા હતા એવામાં મધ્યાહ્નના અરસામાં પીતર પ્રાર્થના કરવા ધાબા ઉપર ગયા. તેમને ભૂખ લાગી અને ખાવાનું મન થયું. ખાવાનું તૈયાર કરતા હતા ત્યાં જ તેમને ભાવસમાધિ પ્રાપ્ત થઇ, અને તેમણે આકાશને ખૂલી જતું જોયું,

અને તેમાંથી ચાર છેડેથી લટકાવેલી મોટી ચાદર જેવી કોઇ વસ્તુને પૃથ્વી ઉપર ઊતરતી જોઇ. તેમાં પૃથ્વી ઉપરનાં બધી જાતનાં ચોપગાં અને પેટે ચાલનારાં પ્રાણીઓ તથા આકાશમાં ઊડનારાં પંખીઓ પણ હતાં. પછી તેમને એક અવાજ સંભળાયો, 'ઊઠ, પીતર; મારીને ખા.'

"પણ પીતર બોલ્યો, 'એ તો કદી બને નહિ, પ્રભુ! મેં કદી કોઇ અશુદ્ધ કે અપવિત્ર વસ્તુ ખાધી નથી.'

"ફરી બીજી વાર અવાજ આવ્યો, 'ઈશ્વરે જેને પાવન કર્યું છે તેને તારે અપવિત્ર ન ગણવું જોઇએ.'

"આમ ત્રણ વાર બન્યું અને તરત જ તે વસ્તુ આકાશમાં પાછી ખેંચાઇ ગઇ" (પ્રે.ચ.૧૦ ,૯-૧૬).

આ ચમત્કારિક દૃશ્ય પીતરને પોતાના નવા ખ્રિસ્તી ધર્મને વધારે સ્પષ્ટ રીતે સમજવામાં મદદરૂપ નીવડયું અને તેમને ખબર પડી કે પોતે જેની ઘોષણા કરતા હતા તે નવો ધર્મ ફકત યહૂદીઓ માટે જ નહિ પણ બધી જ પ્રજાઓ માટે પણ છે.

નવા કરારમાં પીતરને નામે બે નાના ગ્રંથો છે: 'પીતરનો પહેલો પત્ર' અને 'પીતરનો બીજો પત્ર'. બાઇબલના પંડિતો કહે છે તેમ 'પીતરના પહેલા પત્ર'માં એના લેખકનાં સંદેશ અને શિક્ષણ છે. પહેલા પત્રના અભિવાદનમાં જણાય છે તેમ પત્ર પોન્તસ, ગલાતિયા, કપ્પદોમ્પ્યિ ા, આસિયા અને બિથૂનિયા એટલે કે રોમન સામ્રાજયના આસિયા પ્રાંતમાં વિખરાયેલા ખ્રિસ્તીઓ અને ખ્રિસ્તી ધર્મસંઘો માટે પીતરે પોતે લખેલો ગ્રંથ છે. તે અરસામાં આસિયા પ્રાંતના ખ્રિસ્તીઓ પોતાના ધર્મ સામે સત્તામણી વેઠતા હતા. એમાં એમને શ્રદ્ધામાં દૃઢ રહીને અને પોતપોતાની ફરજોમાં મંડયા રહીને સત્તામણીનો સામનો કરવામાં પ્રોત્સાહન આપવા માટે પીતરનો પહેલો પત્ર લખાયો છે.

'પીતરના બીજા પત્ર'નો હેતુ એના વાચકોને ઇસુને શરણે આવવાનો અને ખોટા ઉપદેશકો સામે ચેતવણી આપવાનો છે. પણ આ પત્રના કર્તા વિશે બાઈબલના પંડિતોમાં મતભેદ પ્રવતર્ે છે. અમુક લોકો માને છે કે પ્રસ્તુત પત્ર રોમ ખાતે સમ્રાટ નીરોની સત્તામણી હેઠળ પીતર શહીદ થયા તે પહેલાં આશરે ઈસ્વી સને ૬૫ અન ૬૮ વચ્ચે પીતરે લખેલો પત્ર છે. પરંતુ બ્રાઉનરિંગ જેવા બાઈબલના પંડિતો કહે છે કે પીતરના શહાદતના સોએક વર્ષ પછી પ્રસ્તુત પત્ર લખાયો છે. તેઓ માને છે કે એના લેખકને આધારે નહિ પણ એમાં રજૂ થયેલા પ્રેષિતના ખરા શિક્ષણને આધારે એનો સમાવેશ બાઈબલમાં કરવામાં આવ્યો છે.

યેરુશાલેમમાં ભરેલા પ્રથમ પ્રેષિતિક પરિષદમાં પીતરનો અવાજ નિર્ણયાત્મક હતો : 'પ્રેષિતોનાં ચરિત'માં આપણે વાંચીએ છીએ કે, "અને પુષ્કળ ચર્ચા પછી પીતરે ઊભા થઇને કહ્ ા ુ ં: 'બંધુઓ, તમે જાણો છો કે ઠેઠ શરૂઆતમાં ઈશ્વરે તમારામાંથી મને પસંદ કયોર્ હતો કે બિનયહૂદીઓ મારે મોઢે શુભસંદેશની વાણી સાંભળે અને એમાં શ્રદ્ધા ધરાવતા થાય. અને સર્વાન્તર્યામી ઈશ્વરે આપણામાં કયોર્ હતો તેમ તેમનામાં પવિત્ર આત્માનો સંચાર કરીને પોતે તેમના પર પ્રસન્ન છે એમ સ્પષ્ટ દર્શાવ્યું છે; આપણી અને તેમની વચ્ચે તેણે કશો ભેદ કયોર્ નથી, કારણ, તેમનાં હૃદય પણ શ્રદ્ધાથી શુદ્ધ બનાવ્યાં છે. તો હવે, આપણા પૂર્વજો કે આપણે જે ધૂંસરી ઉપાડી શકયા નથી તે આ નવા શિષ્યોના ખભા ઉપર લાદીને તમે ઈશ્વરની ધીરજની કસોટી શા માટે કરો છો? આપણી તો શ્રદ્ધા છે કે, એમની પેઠે આપણો પણ ઉદ્ધાર પ્રભુ ઈસુની કૃપામાં જ રહેલો છે' " (પ્રે. ચ. ૧૫, ૭-૧૧).

આજે સમગ ખ્રિસ્તી આલમમાં પીતરે શરૂ કરેલા આ ધાર્મિક શિક્ષણ અને આગેવાનીનું કામ પીતરના ઉત્તરાધિકારી નામદાર વડાધર્મગુરુ પોપ દ્વારા થાય છે.